RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-02
February-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# કુટુંબમાં સામાજિક પરિવર્તન

ડૉ. રાજુ એન. પટેલીયા

**પ્રસ્તાવના:**

કુટુંબ જે પ્રામાણિક અને મુખ્ય કાર્યો બજાવે છે તે ઉપરથી કુટુંબને નાગરીક અથવા સામાજિક જીવનની પ્રથમ શાળા કહેવામાં આવે છે અને તે સમાજમાં સારી રીતે જીવનની યોગ્ય તાલીમ અને વ્યવસ્થાપન સુચવે છે.પરંતુ તે બધામાં નાગરીક ઘડતર કરવાનું મુખ્ય કાર્ય કુટુંબ કરે છે અને જે વ્યકિત આવા વિશેષ ગુણો ધરાવે છે તે જ સફળતા પૂર્વક સામાજિક જિવન વ્યતીત કરે છે.સામાજિક જીવનના ગુણો વ્યકિતના બાલ્યકાળમાં કુટુંબ એ તેમનામાં સીચેલા સંસકારો ઉપર નિર્ભર છે. ડૉકટર વ્હાઈટના મત મુજબ જેમ કળી વિકસીને ફુલ બને છે તેમ કુટુંબના ગુણો નાગરીકતાના ગુણોમાં પરિવર્તીત થાય છે જેને આપણે સામાજિક પરીવર્તન કહીએ છીએ. સામાજિક પરિવર્તન માં ઉત્તમ ઉદાહરણ હોય તો તે શીવાજી મહારાજનું ચારિત્ર છે કારણ કે શિવાજી મહારાજના બાલ્યકાળમાં તેમની માતા જીજાબાઈએ શુરવીરતા અંગે ના ખ્યાલો નાનપણથી જ રોપેલા હતા તેવી જ રીતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું જીવન પણ સામાજિક પરિવર્તન લાવવામાં અગત્યનો ભાગ ભજવે છે.તેવીજ રીતે યુવાનો ની આશા અને અપેક્ષાઓ સંતોષવામાં યુવા નેતા રાજવ ગાંધીનું યોગદાન ઉલ્લેખનીય બની રહયું છે. અમેરીકા પસિધ્ધ રાષ્ટ્રપતિ અબ્રહમ લીકનના ચારિત્ર નિર્માણમાં તેમની માતાનો ફાળો વિશેષ રહયો છે.તે રીતે હાલના સાંપ્રત પરિસ્થિતી મુજબ ધોરણ ૧૦–૧૨ માં પાસ થતાં ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ પણ તેમના શિક્ષણની સફળતાનું શ્રેય માતા –પિતા અને ગુરુજનો ને આપે છે.

સામાજીકરણ ના પરિવર્તનનમાં નવનિર્મિત સમાજના નિર્માણમાં અને આદર્શ નાગરીક ઘડતરમાં નીચેના ગુરુઓનો સમાવેશ થયો છે.

**કુટુંબ પરિવર્તનને પુષ્ટિ આપતા પરિબળો:**

**(૧) પ્રેમ :**

સફળ સામાજિક જીવન માટે વ્યકિતમાં પ્રેમ ભાવ હોવો જોઈએ. નવજાત શીશુ માટે કુટુંબ પ્રેમ અને સ્નેહનું અગત્યનું કાર્ય કરે છે. બાળક પ્રત્યે માતા પિતા નિ:સ્વાર્થ પ્રેમ અને વિશુધ્ધ પ્રેમ અહમિયત હોય છે અને જે બાળકને જન્મ થી માતા– પિતાનો મિત્રોનો,સમાજનો યોગ્ય પ્રેમ મળેલ હોય તો તેનું નૈતિકવિકાસ સમાન અને સુગ્રથિત હોય છે.પરંતુ કેટલાક બાળકો જે પ્રેમથી વંચિત હોય તેવા બાળકો સામાજિક પરિવર્તન માં ક્રાન્તિકારી ભૂમિકા ભજવે છે.બાળક મોટું થઈ ને સમાજના અન્ય સભ્યો ને એ જ રીતે પ્રેમ કરતા શીખવે છે.જયારે પ્રેમથી વંચિત રહેલ બાળકો બદલો લેવાની ભાવના રાખે છે.અને પ્રત્યેક મનુષ્યને નાગરીકતાનું પ્રથમ શિક્ષણ માતાના પ્રેમ અને પિતાના લાડાથી મળે છે.

**(૨) સેવા :**

જે રીત પ્રેમ સામાજિક જીવનનો આધાર છે તેમ સેવાભાવ પણ નાગરીકતાનો મૂળ આધાર છે.સમાજમાં રહેલી સહાય વ્યકિતઓને જીવનનું રક્ષણ આ ભાવનાથી જ થાય છે.આ ભવનાનો ઉદય કુટુંબ માંથી જ થાય છે.માતા પિતા તેમના સંતાનોની નિસ્વર્થ ભાવે સેવા કરે છે અને આ સેવાઓનું રૂણ સંતાનો વૃધ્ધ મા–બાપને તેમની જીદગીના પાછલા વર્ષોમાં તેમની સેવા કરીને ચુકતે કરે છે અને કેટલાક લેખકો એ પણ માતા –પિતા તેમની સેવાનું મહત્વ તેમની પંકિત દ્વારા સ્પષ્ટ કરે છે:

" ભૂલો ભલે બીજું બધુ , મા–બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિં ."

સેવાનું મૂલ્ય ધર્મશાસ્ત્રોએ પણ ઘણું આપ્યું છે. કરશો સેવા તો મળે મેવા.ટૂંકમાં સેવા દ્વારા પણ સમાજનું અને કુટુંબમાં પરિવર્તન લાવી શકાય છે.વ્યવસાયિક સમાજકાર્ય એ પણ સેવા કાર્ય છે.જેના દ્વારા સમાજમાં જે પરિવર્તન આવે છે તે નોધી શકાય છે.

**(૩) સહયોગ :**

સમસ્ત નાગરીક જીવન સહયોગ ઉપર આધારીત છે. સહયોગ નાગરીક જીવનનો પ્રાણ કહેવાય છે.સહયોગ સહકાર પણ કહેવામાં આવે છે.સહયોગનું શિક્ષણ પણ કુટુંબ માંથી જ આપવામાં આવે છે અને કુટુંબ પણ સહકારલક્ષી ભાવનાનો જન્મ થાય તે માટે કેટલાક સૂત્રો ભારતીય સમાજમાં સ્વીકારવામાં આવેલ છે.જેવા કે " વિના સહકાર નહિ ઉધ્ધાર", "સંપ ત્યાં જંપ " વગેરે કુટુંબના પર હળી મળીને બધા કાર્યો કરે છે.અને તે રીતે સહકારની ભાવના વિકસે છે.દા.ત. પુરુષો કમાય છે જયારે સહવ્યવસ્થા પત્ની સંભાળે છે અને સલામતી રક્ષણ વગેરેની જવાબદારી સંતાનો ઉઠાવે છે.સહયોગની ભાવના સમાજિક નિયંત્રણમાં મહત્વની પૂરવાર થાય છે જે કુટુંબમાંથી સહયોગ લુપ્ત થઈ જાય છે તે ભાંગી પડે છે.જેને કારણે સમાજના પાયામાં પરિવર્તન આવે છે.

RRIJM 2015, All Rights Reserved

**(૪) ત્યાગ :**

સફળ સામાજિક જીવન માટે નાગરીકોમાં ત્યાગની ભાવના હોવી જરૂરી છે અને આ ગણ પણ બાળકને કુટુંબમાંથી જ શીખવવામાં આવે છે.પતિ–પત્ની એક બીજા માટે મરી ફીટવાની તમન્ન વ્યકત કરે છે.તેવી જ રીતે માતા–પિતા પણ બાળકના ભરણ પોષણ અને લાલન પાલનમાં એમની ઈચ્છાઓનું પણ બલિદાન આપે છે.કેટલાક તત્વ ચિતંકોએ આ માટે કહયું છે કે જો કુટુંબમાં અને સમાજમાં સુખ–શાંતી જાળવી હોય તો જતુ કરવાની (ત્યાગ) ની ભાવના રાખવી જોઈએ જેને અંગ્રેજીમાં લેટ ગો કહેવામાં આવે છે.

માનવતા ને ખાતર વ્યકિતન ઘણું ખરું ત્યાગ કરવા તત્પર હોય છે.દા.ત. સુદર અને સંસ્કારી યુવતી જો યુકની જીવન સાથી તરીકે મળતી હોય તો યુવક અને યુવતી માતા–પિતા ઘણાખરા સામાજિક વ્યવહારો માં જતું કરવાની તૈયારી બતાવે છે.ત્યાગ વૃત્તિ માં જયારથી ઓટ આવી છે ત્યારથી કુટુંબમાં ઘરેલી હિંસા છૂટા છેડા જેવી કૌટુંબિક સસ્યાઓ અને વિભકત કુટુંબ જેવા પરિવર્તનો આવવા લાગ્યા છે.

**(૫) સહિષ્ણુતા :–**

સહિષ્ણુતાનો ભાવ મનુષ્યમાં ન હોય તો સફળ જીવન જીવી શકતો નથી ભિન્ન–ભિન્ન સ્વભાવ વાળી વ્યકિતઓ સાથે સહકાર સાથવા માટે સહનશીલતા અત્યંત આવશ્યક છે એક જ બા–બાપુજીના સંતાનો હોયા છતાં દરેક સંતાનો ના સ્વભાવમાં ફેરફાર હોય છે.એક સંતાન ચીઢીયાપણું હોય .એક સંતાન પ્રેમાળ હોય તો વળી એક સંતાન ચોર ને બીજું કલેકટર બને છે.આમ એકજ છતની નીચે રહેતા સંતાનો સાથે મા–બાપ સહયોજન સાધતા હોય છે. અને આવી જ ભાવના પતિ પત્ની ના દાપત્ય જીવનમાં હોય છે.આજે સહિષ્ણુતાના અભાવ ને કારણે વ્યકિતના સ્વાર્થ વૃત્તિ વધુ જોવા મળે છે જેના કારણે કુંટુંબ સંસથામાં એકાંત વાસ ભંગ્ન કુટુંબ .....,ત્યકતા વૃત્તિ જેવા પરિણો અને પરિવર્તનો નિપજયા છે.

**(૬) અનુકૂલન :**

સહિષ્ણુતા સાથે સંકળાયેલા આ સદગુણો પણ બાળકને કુટુંબાંથી શીખવા બે છે. કુટુંબાં ઉભી થતી કોઈપણ નવી પરિસિથતી સાથે સભ્યો અનુકૂલન સાધે છે.જેમ કે લગ્ન કરીને સાસરે આવેલી નવ વધુ આ નવવધૂ નવા વાતાવરણ સાથે અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે તેવી જ રીતે આપણી દિકરી જયારે સાસરી પક્ષમાં નવવધૂ બનીને જાય છે ત્યારે પિયર પક્ષના સંસ્મરણો મૂકીને નવા વાતાવરણ સાથે સમાયોજન સાધવાનો પ્રયત્ન કરે છે.તેવી જ રીતે ગઈ કાલ સુધી અપણિત રહેલા પુરુષને પણ પત્નીના વિચારો સાથે અનુકૂલન સાધવું પડે છે.આમ કુટુંબના સભ્યો વચ્ચે જો પરસ્પર સમાયોજન ન સધાય તો તે કુટુંબમાં સમસ્યા પેદા થાય છે તથા નૈતિકતા મૃત્યુ પામે છે જોરા પણ સાજિક પરિવર્તન આવે છે.

**(૭) કર્તવ્ય પાલન અને આજ્ઞા પાલન :**

કર્તવ્યપાલન એ સામાજિક જીવનની સફળતાની ચાવી છે. મહેનતું વ્યકિત પોતાના જીવનમાં કર્તવ્ય પાલનને કારણે સફળતા મેળવી શકે છે અને સાજની ઉન્નતીમાં ફાળો આપે છે. આજ્ઞા પાલનનું શિક્ષણ અને કર્તવ્ય પાલનના પાઠ કુટુંબ માંથી જ વ્યકિત મેળવી શકે છે. વડીલોને વંદન વડીલોને માન,સમવસ્યકને પ્રેમ અને સહિષ્ણુતા તથા નાનાઓને વ્હાલ આર્શીવાદ વગેરે શીષ્ટાચારો દ્વારા સમાજમાં પરિવર્તન લાવી શકાય છે. કર્તવ્ય પાલન અને આજ્ઞા પાલન કુટુંબ જીવન તેમજ સામાજિક જીવનને વ્યવસ્થિત કરે છે. સમાજનું યોગ્ય નિર્માણ થાય છે.અનુશાસન આવે તે માટે શાસકો પણ તેમાં ભાગ ભજવે છે.દા.ત. સફાઈ તેમજ શહેરને સ્વચ્છ રાખવા માટે "સુદર બનતા પહેલા સુદરતા હોવી જરૂરી છે" " સ્વચ્છ શહેર તંદુરસ્ત શહેર ",'હતંદુરસ્ત બાળ તંદુરસ્ત રાષ્ટ્ર 'હ જેવા સુત્રોથી પણ અનુશાસન ના પાઠો ભણાવવામાં આવે છે.

**(૮) નૈતિકતા અને સદાચાર :**

નૈતિકતા અને સદાચારણ સામાજિક જીવનનો પાયો છે. જૈવિકતા અને સદાચારનું પાલન કરનાર માતા–પિતા અને કુટુંબના સભ્યો પોતાના સંતાનોને તેનું શિક્ષણ આપે છે.હાપુરુષોની વાતો ઈસપની નીતિ કથાઓ અને દંત્ય કથાઓ દ્વારા પણ નૈતિકતા અને સદાચાર શીખવવામાં આવે છે.દાત. " સત્યં વદ પ્રિયમં વદ " અર્થાત સાચું અને પ્રિય બોલો વડીલોની આજ્ઞાનું પાલન કરો સૌની સાથે પ્રેમથી રહો સંપ ત્યાં જંણપ વગેરે સુત્રો દ્વારા પણ નૈતિકતા અને સદાચાર ના પાઠ આપવામાં આવે છે કુટુંબમાંથી મળેલા નૈતિકતા અને સદાચાર ના પાઠ સાાજિક જીવનના પરિવર્તનના સહત્વમાં મહત્વના ભાગ ભજવે છે. આજે ભારતીય સમાજમાં ભલે આધુનિકતા અને પશ્ચિમીકરણ ના આધાર હેઠળ વ્યકિત સ્વચ્છંદ બન્યો છે.ભલે પણ મંદિરમાં તો તે પગારખા ઉતારીનેજ જાય છે.આ નૈતિકતા સામાજિક પરિવર્તનને મર્યાદા દોરે છે.

**(૯) શિસ્ત આચરણ :**

સદાચાર જેવું જ મહત્વ શિસ્તનું છે. કુટુંબનીરહેણી, આતિથ્યસત્કાર, ખાન પાન, બોલ–ચાલ વગેરેની બાબતમાં કુટુંબનો ફાળો ઘણો હોય છે અને બાળકના કોમળ મન ઉપર આની ઉડી અસર થાય છે.તેથી જ સંસ્કારી કુંટુંબના બાળકો વિનયશીલ અને શીસ્ત પ્રિય હોય છે.

દા.ત. કેટલાક કુટુંબો માં બુટ–ચંપલ દરવાજાની બહાર કાઢીને ઘરમાં અંદર આવવાનો રિવાજ હોય છે.તો તે કુટુંબના બાળકો જે ઘરોમાં જશે ત્યાં બહાર જ પગરખાં કાઢશે.કેટલાક કુટુંબોમાં પૈસા બચાવવા ગતિવીધી મુજબ બાળકોને નાણાંકીય શિસ્ત જાળવવાનું શિખવવામાં આવે છે.તો તેવા બાળકો મોટા થઈને પણ નાણાંકીય શિસ્ત જાળવવાનો પ્રયત્ન કરશે.કંજૂસાઈ એ કરકસર નથી વળી સવાર–સાથે વડીલો ને વંદન,ઈશ્વર પાસે

પ્રાર્થના,વગેરે અનુશાસન અને કુટુંબ પારાયણતાના પાઠ શીખવવાં આવે છે.શીસ્ત જો ખૂબ કઠણ હોય તો તેના માઠાં પરિવર્તનો લાવવામાં ભાગ ભજવે છે.

## (૧૦) કરકસર નું શિક્ષણ :

કરકસર દરેક કુટુંબની આવશ્યક આચાર સંહિતા માં હોય છે.સામાજિક પરિવર્તન અને નાગરિક–જિવનના ઘડતરમાં કરકસરનું શિક્ષણ અગતયનો ભાગ ભજવે છે.સમાજકાર્યના ભિષ્મ પિતામહ એવા મહાત્મ ગાંધીજી, વિનોબાભાવે, રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક, શ્રીમતી જયાબેન શાહ, ઠક્કરબાપા વગેરે ગાંધીવાદી વિચાર સરણી વાળા તમામ રચનાત્મક કાર્યકરો બાળકને કરકસરના પાઠ શીખવે છે.તેઓના મત મુજબ પૈસા વાપરવા સહેલા છે પણ કમાવવા ્શ્કેલ છે અને બચત કરવી તેનાથી પણ દુષ્કર છે.ગાંધીજીની આત્કથામાં કરકસરને જીવનાં હત્વનું ગણેલ છે.કરકસરથી વ્યકિતના વ્યકિતત્વનું પ્રતિબિંબ તેના વ્યવહારો માં પ્રગટ થાય છે.

## (૧૧) વ્યવસાયીક શિક્ષણ :

દરેક કુટુંબને પોતાનો કોઈને કોઈ વારસાગત વ્યવસાય હોય છે.જે કે લુહાર, સુથાર,દરજી , સોની અને વ્યાપારી વર્ગના કુટુંબો નો પરંપરાગત વ્યવહાર તેના બાળકો અપનાવે છે.જેના ધ્વારા બાળક પોતાના કુટુંબનો વ્યવસાય શીખી સફળ નાગરીક બનવાનો પ્રયત્ન કરે છે.

## ઉપસંહાર:–

ટૂંક માં ઉપર જણાવેલ વિશ્લેષણ બતાવે છે કે સામાજિક જીવનના ઘડતર પ્રથાની શ્રેષ્ઠશાળા કુટુંબ છે વ્યકિતગત જીવનના ઉત્તમ ગુણો કુટુંબમાંથી જ મળે છે.જેના પરિણામે સબળ નાગરીક બને છે.કુટુંબની છત્રછાયા હેઠળ વિભિન્ન વ્યકિત નેતાઓ , દાર્શનિક કે કલાકાર ના પક્ષમાં જીવન ઘડતર કરી શકે છે. કુટુંબમાં જ રહીને બાળક શું પસંદ કરે છે,કોની સાથે પ્રેમ કરવો ,કોની સાથે ઘૃણા કરવી તેવા માનવીય ગુણો નું ઘડતર કુટુંબમાં જ થાય છે.કુટુંબમાં રહીને કઈ વસ્તુ પ્રાપ્ત કરવી જોઈએ કયાં સુખનો આનંદ મેળવવો જોઈએ કયા ચારિત્રોની પ્રસંશા અને અનુકરણ કરવું જોઈએ તે શીખી લે છે.કુટુંબમાં જ તે સહયોગ,સંયમ,ભકિત,સહાનુંભૂતિ અને પરામર્શનો અર્થ સમજતાં શીખે છે.જે સમાજકાર્યના અભ્યાસમાં ઘણુ આત્મસંયમ,ભકિત,સહાનુભૂતિ અને પરામર્શનો અર્થ સમજતાં શીખે છે.જે સાજકાર્યના અભ્યાસમાં ઘણું ઉપયોગી બને છે.સમાજકાર્યની દ્રષ્ટિએ પરામર્શ મહત્વનો ભાગ ભજવે છે અને તેના દ્વારા જ વ્યકિત ,બાળકના મનોવલણો, કૌટુંબિક–સાજિક પરિવર્તન માં શું ભાગ ભજવે છે.તેનો સમાવેશ કરે છે.

## સંદર્ભ :–


1. Ahmad Imtiaz - Family Kinship and Marriage in India
2. Hiramani – Social Change in Rural India
3. Dube S C- India's Changing Village
4. K.L.Sharma – Indian Social Structure and Changes
5. M.N.shrinivas – Social Change in Modern India